# GUJMIN INDUSTRY ASSOCIATION

GUJMIN INDUSTRY ASSOCIATION AHMEDABAD
पृथ्वी कोश भूषण
ESTD. 1962

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org


નં. ગુજમીન/માઇનિંગઇસ્સુ /૨૦૨૪/૪૬ તા. ૨૬-૦૬-૨૦૨૪

પ્રતિ

અધિક મુખ્ય સચિવશ્રી

ઉદ્યોગ અને ખાણ વિભાગ

બ્લોક નં.૫/૩ સચિવાલે

ગાંધીનગર

વિષય: <u>ડીસ્ટ્રિક્ટ સર્વે રીપોર્ટના કારણે ઇ.સી. પ્રમાણપત્ર મેળવવામાં થતાં વિલંબ બાબત</u>

માનનીય સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકારમાન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ઘટતું કરવા વિનંતી છે.

**<u>પ્રશ્નની વિગત</u>:**

**ડીસ્ટ્રિક્ટ સર્વે રીપોર્ટના કારણે ઇ.સી. પ્રમાણપત્ર મેળવવામાં થતાં વિલંબ બાબત**

જીલ્લા ભૂસ્તરશાસ્ત્રી દ્વારા જી.પી.સી.બી. ને ડીસ્ટ્રિક્ટ સર્વે રીપોર્ટ રજૂ કરવામાં થતાં વિલંબનાં કારણે SEIAA/SEAC કમિટી દ્વારા જે લીઝ હોલડરને ઇ.સી. મંજૂર કરવા નિર્ણય લેવામાં આવેલ છે અને હુકમ કરવાનો બાકી છે અને જે લીઝ ધારકોને ઇ.સી. મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે તે તમામને ઇ.સી. આપવાનું બંધ કરવા આવેલ છે. જે અંગે ભૂસ્તરશાસ્ત્રી દ્વારા રીપોર્ટ રજૂ કર્યા બાદ ખાણકામ કરવાની શરતે ઇ.સી. મંજૂર કરવામાં આવે તો લીઝ મંજૂરી હુકમ, કરારખત, લીઝોનો કબ્જો મેળવવા, કરારખતનું રજીસ્ટ્રેશન કરાવવાનું. કમિશનરશ્રીની કચેરીએથી રોયલ્ટી માટે ઓનલાઈન એકાઉન્ટ નંબર મેળવવણી વિગેરે કાર્યવાહી પરિપૂર્ણ કરી શકાય જેથી લીઝ હોલ્ડરની ખાણકામની પ્રવૃતિમાં વિલંબ થતો અટકે અને સરકારશ્રીની રોયલ્ટીની આવકમાં વિલંબ થાય નહીં તેવી રજૂઆત છે.

**અમારું સૂચન:**

આ અંગે ભૂસ્તર શાસ્ત્રીશ્રી દ્વારા રીપોર્ટ રજૂ કર્યા બાદ ખાણકામ કરવાની શરતે ઇ.સી. મંજૂર કરવામાં આવે તો લીઝ મંજૂરી હુકમ, કરારખત, લીઝોનો કબ્જો મેળવવા, કરારખતનું રજીસ્ટ્રેશન કરાવવાનું. કમિશ્નરશ્રીની કચેરીએથી રોયલ્ટી માટે ઓનલાઈન એકાઉન્ટ નંબર મેળવણી વિગેરે કાર્યવાહી પરિપૂર્ણ કરી શકાય

ઉપરોક્ત રજૂઆત અંગે ઘટતું થવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

**ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન વતી**

સી.એમ. દ્વિવેદી

પ્રમુખ

નકલ રવાના:

કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું,ગાંધીનગર તરફ ઘટતું કરવા વિનંતી.